# સાબરકાંઠામાં કોરોનાનો વધુ એક કેસ, કુલ ૩૯

## વિરપુરના રહીશ અને ગાંધીનગરનો એસઆરપી જવાન કોરોનાનો ભોગ બન્યો

સાબરકાંઠા જિલ્લામાં હજુ કોરોના વાયરસ શાંત થવાનુ નામ લેતો નથી ત્યારે સોમવારે જિલ્લામાં વધુ એક પોઝીટીવ કેસ નોંધાયો છે. જે દર્દી મુળ હિંમતનગર તાલુકાના વિરપુર ગામનો અને હાલ ગાંધીનગર ખાતે એસઆરપીમાં ફરજ બજાવે છે. તેને સારવાર માટે હિંમતનગર સિવિલમાં રખાયો છે. જિલ્લામાં અત્યાર સુધી કોરોના પોઝીટીવના કુલ ૩૯ કેસ નોંધાઇ ચુકયા છે. જે પૈકી ૧૫ જણાની તબીયત સ્વસ્થ્ય બની જતા હોસ્પિટલમાંથી રજા અપાઇ છે. જયારે ૨૨ દર્દીઓ સારવાર હેઠળ છે અને અગાઉ બે દર્દીઓના કોરોનાથી મોત થયા છે.

### બ્યુટી પાર્લર અને સલુન બંધ રહેશે

રાજય સરકાર દ્વારા સોમવારે ૪ લોકડાઉનમાં આપેલી છુટછાટને પગલે જિલ્લાવાસીઓ આનંદઘેલા બની ગયા છે. પરંતુ સરકારે કોઈપણ સ્થળે આવેલ બ્યુટી પાર્લર અને હેર કટીંગ સલુન ચાલુ રાખવાની પરવાનગી આપી નથી. જોકે આ વ્યવસાય સાથે સંકળાયેલા કારીગરો જરૂરીયાતમંદના નિવાસ સ્થાને જઈને તેમનો ધંધો કરી શકે તેવી છુટછાટ આપવામાં આવી છે.

આ અંગે સિવિલના આધારભુત સુત્રોમાંથી મળતી માહિતી મુજબ સાબરકાંઠા જિલ્લામાં અત્યાર સુધી કોરોનાના ૩૯ પોઝીટીવ કેસ નોંધાયા છે. જે પૈકી ૩૫ દર્દીઓ સાબરકાંઠાના છે. જયારે બાકીના ચાર દર્દીઓના સરનામા અમદાવાદના છે. પરંતુ તેમને સારવાર માટે હિંમતનગરની સિવિલમાં તથા મેડીસ્ટાર હોસ્પિટલમાં રખાયા હતા. દરમિયાન બે દિવસ અગાઉ ગાંધીનગર ખાતે ફરજ બજાવતા આ એસઆરપી જવાન તેમના પરિવારને મળવા માટે વિરપુર આવ્યા હતા. ત્યારે તેમની તબીયત અસ્વસ્થ્ય જણાતા તેમને હિંમતનગર સિવિલમાં સારવાર માટે ખસેડાયા હતા. જયાં તેમના નમુના લઈ તપાસ કરાતા કોરોના પોઝીટીવના લક્ષણો જણાયા હતા. તેથી સારવાર માટે હિંમતનગર સિવિલના આઈસોલેશન વોર્ડમાં દાખલ કરી દેવામાં આવ્યા છે.

લોકડાઉનમાં અપાયેલી છુટછાટોનો જિલ્લાવાસીઓ મનધડત અર્થઘટન કરવાને બદલે તંત્ર તરફથી જે જાહેરનામુ બહાર પાડવામાં આવ્યુ છે તેનુ સમજી વિચારીને અમલ કરવો રહ્યો. જો જિલ્લાની પ્રજા લોકડાઉનના નિયમોનો ભંગ કરીને ઘરોમાંથી બહાર નિકળી પડશે તો સાબરકાંઠા જિલ્લાની હાલત અમદાવાદ, ગાંધીનગર, વડોદરા અને સુરત જેવી થઈ જશે. તે પહેલા જિલ્લાવાસીઓએ સુરક્ષીત રહી ઘરમાં રહેવુ જોઈએ.

# ૯૬ કલાક પછી મોડાસાની સિમરન સોસાયટીના આધેડ કોરોનાની ઝપેટમાં

મોડાસા, તા. ૧૮

રાજયમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના પોઝિટિવનાં કુલ ૩૯૧ પોઝિટિવ કેસો નોંધાયા છે. ૩૪ લોકો કોરોના સામે જંગ હારી ગયા હતા. ૧૯૧ લોકો કોરોનાને હરાવવામાં સફળ રહેતા હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. રાજ્યમાં અત્યાર સુધી કોરોનાએ ૧૧૩૮૦ લોકોને ઝપેટમાં લીધા છે. ૨૪ કલાકમાં અમદાવાદમાં- ૨૭૬, સુરતમાં-૪૫, વડોદરામાં-૨૧, કચ્છમાં-૧૪, ખેડામાં-૬, સાબરકાંઠામાં-૬, ગાંધીનગરમાં-૫, પાટણમાં-૪, પંચમહાલ-ગીર સોમનાથ, દાહોદમાં-૨ અને ભાવનગર-આણંદ-અરવલ્લી-જામનગર-વલસાડ-જૂનાગઢ-પોરબંદર અને અમરેલીમાં એક એક કેસ નોંધાયા છે અરવલ્લીમાં વધુ ૧ કેસ પોઝીટીવ આવતા જિલ્લામાં કોરોનાગ્રસ્ત આંકડો ૮૦ પર પહોંચ્યો હતો મોડાસાના કોલેજ રોડની સોસાયટીના ૬૮ વર્ષના પુરુષનો કોરોના રીપોર્ટ પોઝિટીવ આવ્યો હતો.

અરવલ્લી જિલ્લામાં કોરોનાએ અજગરી ભરડો લીધો હોય તેમ જિલ્લામાં કોરોનાના પોઝેટીવ દર્દીઓનો આંક દિવસેને દિવસે વધતો જાય છે. જો કે અરવલ્લીમાં છેલ્લો કેસ ૧૩ મે ના રોજ નોંધાયો હતો અને મોડાસામાં છેલ્લો કેસ ૧૧ મે ના રોજ નોંધાયો હતો. બાદમાં રવિવારના રોજ મોડાસાના કોલેજ રોડ પર આવેલ એક સોસાયટીમાં ૬૮ વર્ષિય પુરુષનો એક કેસ નોંધાતાં તંત્રમાં દોડધામ મચી છે. મોડાસામાં આધેડનો કોરોના પોઝીટીવ રીપોર્ટ આવતાં જિલ્લાનો આંક ૮૦ પર પહોંચ્યો હતો.

અરવલ્લી જિલ્લામાં કોરોના વાયરસના પોઝીટીવ કેસો દિન પ્રતિદિન વધારો જોવા મળી રહયો છે. જો કે છેલ્લા ત્રણ ચાર દિવસથી અરવલ્લીમાં નવો કેસ ન નોંધાતા રાહત હતી પરંતુ રવિવારના રોજ મોડાસાના કોલેજ રોડ પર આવેલ સીમરન સોસાયટીના એક ૬૮ વર્ષિય પુરુષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતાં તંત્રમાં દોડધામ મચી છે. આ વૃધ્ધે બે દિવસ અગાઉ મોડાસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધી હતી. બાદમાં ફરીથી તેઓની તબિયત લથડતાં સાર્વજનિક હોસ્પિટલ ખાતેથી કોરોના ટેસ્ટ કરાવ્યો હતો. જેઓનો રીપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. હાલમાં તો તંત્રએ સીમરન સોસાયટી તેમજ આસપાસના વિસ્તારોને કોરેન્ટીન કરવા માટે દોડધામ કરી મુકી છે. અરવલ્લી જિલ્લામાં કોવિડ-૧૯ના આજ દિન સુધી કુલ-૮૦ પોઝીટીવ કેસ નોંધાયા છે.

# અરવલ્લી આરોગ્યતંત્રએ ઉડાડ્યા સોશિયલ ડીસ્ટન્સના ધજાગરા

## એમ્બ્યુલન્સમાં ઠોસી ઠાસીને કોરોનાના ટેસ્ટ માટે દર્દીઓ ભરાતા આક્રોશ

સમગ્ર ભારતમાં કોરોના વાયરસને કારણે ચેપ વધુ ન ફેલાય તે માટે દેશના વડાપ્રધાન અને આરોગ્ય વિભાગ દ્વારા સોસિયલ ડિસ્ટન્સ રાખવા સૂચન કરવામાં આવ્યું છે. પરંતુ સોશિયલ ડિસ્ટનસિંગ અરવલ્લી આરોગ્ય વિભાગ દ્વારા જ જાળવવામાં આવ્યું ન હોવાનું બહાર આવ્યું છે. એક જ એમ્બ્યુલન્સમાં હોમકોરોન્ટીન કરેલ ૧૨ જેટલા લોકોને કોરોના ટેસ્ટ કરાવવા માટે મોડાસાની કોવિડ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હોવાનો વિડીયો વાઈરલ થયો હતો. ત્યારે રોગ જાગૃતિના પાઠ ભણાવનાર આરોગ્ય વિભાગ જ કેમ ઉણું ઉતરે છે તેવી ચર્ચાઓએ જોર પકડ્યું હતું.

અરવલ્લીના નારણપુરા ગામથી કોરોના ટેસ્ટ કરવા લાવવામાં આવેલ દર્દી દ્વારા એમ્બ્યુલન્સમાં બેઠેલા લોકોનો વિડિઓ પણ ઉતારવામાં આવ્યો છે. જેમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે એમ્બ્યુલસમાં ડ્રાયવર અને અન્ય એક વ્યક્તિ સહિત એમ્બ્યુલન્સમાં ૧૪ જેટલા લોકો બેસેલા જોવા મળી રહ્યા છે. એમ્બ્યુલસમાં હાજર ભાવિન



સુવેરાનો આક્ષેપ છે કે આમ એક તરફ સરકાર અને તંત્ર સોશ્યલ ડિસ્ટનસિંગની વાતો કરે છે કે લોકો સોશ્યલ ડિસ્ટનસિંગ જાળવે. ત્યારે આરોગ્ય વિભાગ દ્વારા જ એક સાથે ૧૨ થી ૧૪ જેટલા લોકોને એમ્બ્યુલસમાં ભરીને કોરોનાનો ટેસ્ટ કરાવવા લાવવામાં આવ્યા છે. વધુમાં આ તમામ લોકો હોમકોરોન્ટાઈન કરેલ વ્યક્તિઓ છે અને તે અન્ય જિલ્લામાંથી આવ્યા છે. જો આમાંથી કોઈ એક વ્યક્તિનો પણ કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો તો અન્ય વ્યક્તિઓને પણ કોરોનાનું સંક્રમણ થઈ શકે તેવું તંત્ર જાણતું હોવા છતાં આ રીતે આવી પરિસ્થિતિમાં એક સાથે આટલા વ્યક્તિઓને એક જ એમ્બ્યુલન્સમાં રિપોર્ટ કરાવવા લઈ આવતા તંત્ર પર અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે. સાથે જ ટેસ્ટ કરાવવા આવેલ વ્યક્તિ દ્વારા એવો પણ આક્ષેપ કરાયો છે કે તેઓ બે કલાકથી રિપોર્ટ કરાવવા લાઈનમાં ઉભા હતા. પરંતુ ટેસ્ટિંગ કિટો પુરી થઈ જતા તેમનો ટેસ્ટ પાંચ વાગે કરવામાં આવશે તેવું જાણવામાં આવ્યું છે.

આ વ્યક્તિઓ સવારથી કોરોનાનો ટેસ્ટ કરાવવા આવ્યા હતા છતાં તંત્ર દ્વારા જમવાની કે ચા નાસ્તાની વ્યવસ્થા કરવામાં નહોતી આવી. સાથે જ આ તમામ લોકો ઉનાળાના આકરા તાપમાં હોસ્પિટલની બહાર બેસી રહેવા મજબૂર બન્યા હતા. ત્યારે કોરોના સામેની જંગમાં સરકારના મસમોટા દાવાઓ સામે તંત્ર ક્યાંકને ક્યાંક સુવિધાઓ આપવામાં ઉણું ઉતરતું હોય તેવું લોકો મુખે ચર્ચાઈ રહ્યું છે.

# મોડાસા નગરપાલિકાના ચીફ ઓફિસર અમદાવાદથી પરત ફરતા હોમ કોરન્ટાઈન કરાયા

મોડાસા, તા. ૧૮

કોરોના વાઈરસ વૈશ્વિક મહામારીનો કહેર હાહાકાર મચાવી રહ્યો છે આમ છતાં અમુક નાગરિકો ગંભીરતા દાખવતા નહી હોવાના કિસ્સાઓ સામે આવી રહ્યા છે વિદેશ, આંતરરાજ્ય કે જિલ્લા કે પછી કોરોનાગ્રસ્ત વિસ્તારમાંથી આવેલા નાગરિકોને ફરજીયાત ૧૪ દિવસ હોમ કવોરન્ટાઇન રહેવાનું હોય છે જોકે ઘણા વ્યક્તિ તે બાબતે પણ ગંભીરતા દાખવતા નથી. હાલ શહેરોમાંથી મોટા પ્રમાણમાં લોકો છાને-છુપીને કે પછી મંજૂરી મેળવી ગામડામાં પહોંચી રહ્યા છે. આરોગ્યતંત્ર મંજૂરી સાથે જિલ્લામાં પ્રવેશતા લોકોને હોમકોરન્ટાઈન કરી સર્વેની કામગીરી કરી રહી છે ત્યારે તંત્રની મંજૂરી લઈ અમદાવાદ ગયેલા મોડાસાના ચીફ ઓફિસર પરત મોડાસા ફરત તેમને આરોગ્ય વિભાગે હોમ કોરન્ટાઈન કર્યા હતા, બીજી બાજુ જિલ્લામાં એક મામલતદાર તેમની માતાની તબિયત નાદુરસ્ત થતા ખબર કાઢવા અન્ય જિલ્લામાં જઈ પરત ફર્યા હતા તેમ છતાં આરોગ્ય તંત્રે મામલતદારને કોરન્ટાઈન કરવામાં આળશ દાખવતા આરોગ્ય તંત્રની બેવડી નીતિ અપનાવી રહી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.



મોડાસા નગરપાલિકાના ચીફ ઓફિસર જીગ્નેશ બારોટ અગત્યના કામકાજ અર્થે તંત્રની મંજૂરી લઈ અમદાવાદ તેમના ઘરે ગયા હતા. અમદાવાદથી પરત ફરેલા ચીફ ઓફિસરના સરકારી બંગલે આરોગ્યતંત્રએ પહોંચી ચીફ ઓફિસરની આરોગ્ય ચકાસણી કરી ૧૪ દિવસ માટે હોમકોરન્ટાઈન કરવામાં આવતા શહેરમાં હાલ કોરોનાના સંકટ ટાણે જ હોમકોરન્ટાઈન કરાતા શહેરીજનોમાં આશ્ચર્ય સર્જાયું છે.

મોડાસા નગરપાલિકાના ચીફ ઓફિસરને હોમ કોરન્ટાઈન કરવામાં આવ્યા હોવા અંગે ઈન્ચાર્જ જિલ્લા આરોગ્ય અધિકારી આશિષ નાયકને ટેલિફોનિક પૂછપરછ કરાતા જણાવ્યું હતું કે આ અંગે હજુ મારી પાસે આવો કોઈ રિપોર્ટ આવ્યો નથી. આ અંગે તાલુકા આરોગ્ય અધિકારીનો સંપર્ક કરો બીજી બાજુ તાલુકા આરોગ્ય અધિકારીનો ફોન સ્વીચ ઓફ આવી રહ્યો હતો હાલ તો જિલ્લામાં આરોગ્યતંત્રના અધિકારીઓ એક બીજાને ખો આપી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે.

# કાંકરેજ તાલુકાના માનપુર (શિ) ખાતે આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરાયુ

કાંકરેજ, તા. ૧૮

કાંકરેજ તાલુકાના માનપુર શિ ખાતે આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં માનપુર શિ ના સરપંચ કાકુભા વાઘેલા. તલાટી મંત્રી આર. વી. ચોધરી તેમજ શિ ખાતે નોધાયો હતો ત્યારે સમગ્ર ગામમાં ઢંઢેરો પીટાવ્યો હતો અને લોક ડાઉન બાબતે કામગીરી હાથ ધરવામાં આવી હતી જેમાં લગભગ પંદર દિવસ સુધી લોકડાઉન બાબતે એક ચેક પોસ્ટ ઊભી કરવામાં આવી છે



આરોગ્ય વિભાગની ટીમ ઉપસ્થિત રહી હતી જેમાં નિધિ પંડ્યા, વિશાલ જોષી, ભાવસિંહ સોલંકી, હસમુખ મકવાણા, નરેશ આડેસરાં, રાજ શ્રીમાળી, જીગર દેસાઈ તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ઘરે ઘરે જઈને આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતુ જેમાં વિશ્વ કોરોના કટોકટીમાં સંકટમોચન તરીકે આયુર્વેદિક ઉકાળાનું વિતરણ વ્યવસ્થા કરવામાં આવી હતી ત્યારે અગાઉ પણ એક કોરોના પોઝિટિવ કેસ માનપુર અને સતત પોલીસ જવાનો ઉપસ્થિત રહી ને આવનજાવન ઉપર બાજ નજર રાખી રહ્યા છે ત્યારે સમગ્ર ગામમાં કોરોના વાઈરસની મહામારી વચ્ચે લોકો ખુબજ મજબૂરી સાથે જીવનજરૂરિયાત વસ્તુ માટે વલખાં મારી રહ્યા છે ત્યારે કાંકરેજ તાલુકા તંત્ર દ્વારા હવે કોઈ નક્કર પગલાં ભરીને લોકોને રોજગાર ધંધા માટે મંજૂરી આપવામાં આવે તેવી લોક લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.



### અરવલ્લીના ૩૪૦ ગામોમાં ઉકાળા વિતરણ, ૩૫ હજારથી વધુએ લાભ લીધો

સમગ્ર દેશમાં કોરોનાનો વ્યાપ વધતો જઈ રહ્યો છે કેન્દ્રના આયુષ મંત્રાલય દ્વારા આયુર્વેદિક ઔષધીય ઈલાજ પર વધુ ભાર આપી રહ્યા છે. જેને લઈ અરવલ્લી જિલ્લામાં પણ આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કામગીરી હાથ ધરવામાં આવી છે. અરવલ્લી જિલ્લામાં કોરોનાથી સૌથી વધુ ગ્રામિણ વિસ્તારમાં વ્યાપ જોવા મળ્યો છે જેને લઈ જિલ્લામાં ૭૯ કોરોના પોઝિટીવ કેસ નોંધાયા છે. જેથી આ વિસ્તારોને કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યા છે. તેવા વિસ્તારો સિવાય પણ અરવલ્લી જિલ્લા કલેકટર અમૃત્તેશ ઔરંગાબાદકર દ્વારા ગ્રામિણ લોકોમાં રોગપ્રતિકાર શક્તિમાં વધારો થાય તે માટે ત્રિ-દિવસીય ઉકાળા વિતરણ અભિયાન હાથ ધરી ૫૦૦ ગામો આવરી લેવાનું આયોજન હાથ ધર્યુ હતું જેમાં ૩૪૦થી વધુ ગામોને આવરી લેવામાં આવ્યા છે જેમાં ૩૫૮૨૫૪ લોકોએ ઉકાળાનો લાભ લીધો છે. બાયડના ૪૪, ભિલોડાના ૬૮, ધનસુરાના ૭૨, માલપુરના ૫૬, મેઘરજના ૪૪ અને મોડાસાના ૫૦ મળી ૩૪૦ ગામોને લાભ આપવામાં આવ્યો છે.

# મોડાસામાં એસ.પી. મયુર પાટીલનું ફૂટ પેટ્રોલિંગ

## દુકાનદારોને સોશિયલ ડિસ્ટન્સ જાળવવામાં નિષ્ફળ રહ્યા તો ગુન્હો નોંધાશે

મોડાસા, તા. ૧૮

કોરોનનો અજગરી ભરડો દેશના નાગરિકોને ધીરે ધીરે લપેટમાં લઈ રહ્યો છે. ગુજરાતમાં દિવસે ને દિવસે કોરોના પોઝિટિવનાં કેસો વધી રહ્યા છે. અને હવે સ્થાનિક સ્તરે પણ કોરોનાનું સંક્રમણ ફેલાઈ રહ્યું છે. મોડાસા શહેરમાં કોરોનાના ૨૫ કેસ બહાર આવતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. અરવલ્લી જિલ્લો રેડ ઝોનમાં હોવા છતાં લોકોમાં હજુ પણ ગંભીરતાનો અભાવ જોવા મળી રહ્યો છે. સોશ્યલ ડીસ્ટન્સના લીરેલીરા ઉડી રહ્યા છે હજુ પણ વહીવટી તંત્ર, નગરપાલિકા તંત્રમાં સંકલનનો અભાવ જોવા મળી રહ્યો છે.

અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલે મોડાસા શહેરમાં ફૂટ પેટ્રોલિંગ કરી દુકાનદારોને દુકાન આગળ સોશ્યલ ડિસ્ટન્સ જળવાય તે માટે સર્કલ દોરવા અને યોગ્ય વ્યવસ્થા ઉભી કરવા જણાવ્યું હતું અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવામાં નિષ્ફળ રહ્યા તો દુકાનદાર સામે ગુન્હો નોંધવામાં આવશેની તાકીદ



કરી હતી.

મોડાસા શહેરમાં કોરોના બૉમ્બ વિસ્ફોટ થતા ૨૫ લોકો કોરોનાથી સંક્રમિત બન્યા છે જેમાં એક યુવકનું કોરોનાથી મોત થતા મોડાસામાં સતત વધી રહેલા કોરોનાના કેસના પગલે જિલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરે જાહેરનામું બહાર પાડ્યું હતું જેમાં ૧૧ મે થી ૧૭ મે દરમિયાન મોડાસા શહેરમાં દૂધ, મેડિકલ, એલપીજી ગેસ, વ્યાજબી ભાવની દુકાન, હોસ્પિટલ સિવાયની તમામ દુકાનો બંધ રાખવામાં આવી હતી આ જાહેરનામું વધુ એક દિવસ લંબાવવામાં આવ્યું હતું એક દિવસ વધારાયેલ જાહેરનામાંથી અજાણ વેપારીઓએ ધંધા-રોજગાર ખુલ્લા રાખતા ગ્રાહકોની ભીડ દુકાનોમાં ઉમટી હતી પોલીસે વેપારીઓને દુકાનો બંધ કરાવી લોકોને અટકાવવા ચાર રસ્તા બેરિકેડ મૂકી દીધા હતા.

# અંબાઈગઢાના ખનન મામલે પોલીસનું ભેદી મૌન

## અઠવાડીયાથી વધુ સમય વિતવા છતા પોલીસ ફરિયાદ કેમ નથી થઇ : પોલીસની શંકાસ્પદ કામગીરીથી પ્રજામાં અનેક વિધ ચર્ચા

સાબરકાંઠાના ખેડબ્રહ્મા નજીકના સરહદી એવા અંબાઈગઢા અને પંથાલ પાસેથી પસાર થતી સાબરમતી નદીમાં થોડા દિવસ અગાઉ ગેરકાયદે રેતીના ખનન અંગે પોશીના પોલીસે દરોડો પાડીને કરોડો રૂપિયાની ખનીજ ચોરી પકડી પાડી હતી અને તે અંગે જિલ્લાના ખાણખનીજ વિભાગને જાણ પણ કરી હતી. પરંતુ દરોડો પાડનાર પોલીસ તંત્ર દ્વારા હજુ સુધી આ ખનીજ માફીયાઓ વિરૂધ્ધ કોઇ કાયદેસરની ફરિયાદ નોંધાવાઇ નથી. જે ખરેખર શંકાસ્પદ કામગીરીની ચાડી ખાય છે.

આ અંગેની વિગત એવી છે કે પંથાલ અને અંબાઈગઢાની સીમમાં ખેરોજ પોલીસે જિલ્લાના અન્ય સ્થળેથી પોલીસ સ્ટાફ બોલાવીને જે દરોડો પાડ્યો હતો તેનાથી ખનીજ માફીયાઓમાં ફફડાટ ફેલાઇ ગયો છે. અને પોલીસે હિટાચી અને આઈવા સહિત રેતીનો જથ્થો કબજે લઈને તે અંગે ખાણખનીજ વિભાગને જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ ખાણખનીજ વિભાગના સુપરવાઈઝર અને સર્વેયર સહિતની ટીમે સ્થળ તપાસ કરી અંદાજે રૂપિયા ૨.૫૮ કરોડની ખનીજનુ ખનન કરતા દંડનીય કાર્યવાહી કરી હતી. જે અંગે ગત શુક્રવારે આ મામલે જિલ્લા કલેકટર સમક્ષ સુનાવણી પણ કરાઈ હતી. જેમાં બચાવ પક્ષ તરફથી કરાયેલી રજુઆતોને ધ્યાનમાં રાખીને જિલ્લા કલેકટરે આગામી દિવસોમાં વધુ કાર્યવાહી કરવાનુ મુનાસીબ માન્યુ છે. તો બીજી તરફ દરોડા પાડવામાં માહેર ગણાતો પોલીસ તંત્ર લોકડાઉન દરમિયાન ૧૮૮ના કેસ કરીને પ્રજા પાસેથી તથા વેપારીઓ પાસેથી દંડ વસુલીને ધાક જમાવી રહી છે ત્યારે દરોડો પાડનાર પોલીસતંત્ર દ્વારા આ ખનીજ ચોરી અંગે કેમ કોઇ સત્તાવાર પોલીસ ફરિયાદ કરવાની તસ્દી લીધી નથી. કાયદાની જોગવાઈ મુજબ ૧૮૮નો ભંગ કરનાર ખનીજ માફીયાઓથી જાણે કે પોલીસતંત્ર અને ખાણખનીજના અધિકારીઓ મોઢુ સિવીને બેસી ગયા હોય તેમ લાગી રહ્યુ છે. જોકે હાલતો ખાણખનીજ વિભાગે પ્રતિઆક્ષેપ કરતા જણાવ્યુ છે કે અમે તો કાર્યવાહી કરીશું. પરંતુ પોલીસતંત્ર કલમનો ભંગ કરનાર ખનીજ માફીયાઓને કેમ છાવળી રહી છે તે તપાસનો વિષય છે. બીન સત્તાવાળ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ આ મામલે અંદરખાને સમજાવટ થઇ ગઇ હોવાનુ પ્રજામાં ચર્ચાઇ રહ્યુ છે. ત્યારે ખાણખનીજ અને પોલીસ તંત્રએ પ્રજાની શંકાઆશંકાઓ દુર કરવા માટે કાર્યવાહી કરીને દૂધનુ દૂધ અને પાણીનું પાણી કરી દેવુ જોઇએ.



### ભિલોડાના મઉં ગામમાં કરીયાણાની કીટનું વિતરણ કરાયું

કોરોના વાઈરસની મહામારી દરમ્યાન લૉકડાઉન હોઈ ગરીબ અને મધ્યમ વર્ગની હાલત દયનીય છે.ભિલોડા તાલુકાના મઉં ગામમાં માતૃશ્રીના સ્મરણાર્થે જરૂરીયાતમંદ પરીવારોમાં કરીયાણાની કીટનું વિતરણ કરાયું હતું.માતૃશ્રી વજીબેન પરમારના સ્મરણાર્થે તા.૧૬/૫/૨૦૨૦ ને શનિવારના રોજ નિઃસ્વાર્થ ભાવે વિરચંદભાઈ મોતીભાઈ પરમાર,પુત્રો રમેશભાઈ પરમાર,ચંદુભાઈ પરમાર,અરૂણભાઈ પરમાર પરીવાર તરફથી સમાજના જરૂરીયાતમંદ પરીવારોને કરીયાણાની કીટનું વિતરણ કરીને સમાજ સેવાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું હતું.સેવાકીય કાર્યને સૌ-કોઈએ બિરદાવ્યું હતું.



### અરવલ્લી સહિત ત્રણ જિલ્લાની પોલીસ ચેકપોસ્ટને વિના મુલ્યે સેનેટાઇઝ કરી આપવાની સેવા

કોરોના વાયરસથી રાજ્યમાં હાહાકાર મચી ગયો છે ત્યારે જીવના જોખમે ફરજ બજાવતા ‘કોરોના વોરિયર્સ’ની લોકો પીઠ થપથપાવીને તેમના પર ફૂલોની વર્ષા કરી રહ્યા છે. આ મુશ્કેલીના સમયમાં સમાજસેવી સંસ્થાઓથી લઈને દરેક લોકો પોતોનું યથાયોગ્ય યોગદાન આપી રહ્યા છે. આજે આવા જ એક ‘યોદ્ધા’ની વાત કરવી છે. તેનું નાનું એવું યોગદાન પણ ખૂબ વિરાટ છે. સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકાના મયુરભાઈ પંચાલ અરવલ્લી, સાબરકાંઠા અને ગાંધીનગર જીલ્લાની સરહદ પર ઉભી કરાયેલી તમામ પોલીસ ચેક પોસ્ટ વિના મુલ્યે સૅનેટાઈઝ કરી આપી પોલીસને સુરક્ષિત રાખવા લૉકડાઉનમાં અનોખી સેવા કરી રહ્યો છે.